જ્ઞાન શક્તિ
રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઑફ એક્સીલેન્સ

समग्र शिक्षा
Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા
સેક્ટર-૧૭, ગાંધીનગર
Email:gyanshakti.ssa@gmail.com

સમગ્ર શિક્ષા/મકમ/જ્ઞાનશક્તિ રેસી./2025/ ૩૦૬૬૭-૭૪૦ તા. ૨૪/૦૬/૨૦૨૫

**પ્રતિ,**

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ,
જિલ્લા: તમામ.

જિલ્લા પ્રા.શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રા.શિક્ષણાધિકારીશ્રીની કચેરી ,
જિલ્લા: તમામ.

શાસનાધિકારીશ્રી,
શાસનાધિકારીશ્રીની કચેરી,
તમામ.

**વિષય :** જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ ઍક્સીલેન્સ અને સ્વામી વિવેકાનંદ જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ ઍક્સીલેન્સ શાળાઓમાં CET-25 અંતર્ગત પ્રવેશ અંગેનાં બીજા તબક્કાની જાણ બાબત.

નમસ્કાર,

જય ભારત સાથે જણાવવાનું કે CET-2025 અંતર્ગત રાજ્યના મેરીટોરીયસ બાળકો માટે સરકારશ્રી દ્વારા શરુ કરાયેલી 1. જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઑફ ઍક્સીલેન્સ, 2. સ્વામી વિવેકાનંદ જ્ઞાન શક્તિ ટ્રાયબલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઑફ ઍક્સીલેન્સ 3.રક્ષા શક્તિ 4. એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ (EMRS),5 મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાઓમાં પ્રવેશ અંગેના પ્રથમ તબક્કાની કામગીરી આપ સૌ સાથે તાલુકા-જીલ્લાની ટીમના સહકાર થકી સરસ રીતે પૂર્ણ થયેલ છે.

આ યોજનાઓ પૈકી 1. જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઑફ ઍક્સીલેન્સ 2. સ્વામી વિવેકાનંદ જ્ઞાન શક્તિ ટ્રાયબલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઑફ ઍક્સીલેન્સ 3. રક્ષા શક્તિ 4. એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ (EMRS) શાળાઓમાં પ્રથમ રાઉન્ડ પૂર્ણ થયા પછી ખાલી રહેલી બાકીની પ્રવેશ સીટો ઉપર બીજા તબક્કા અંતર્ગત CET-2025 આધારિત યોજનાઓ માટે રાઉન્ડ-2 માટેનું ચોઇસ ફ્રીલિંગ તા.23/06/2025, સાંજે 06:00 કલાકથી શરૂ કરવામાં આવેલ છે. જે અંગેની આપ અને આપના તાલુકા-જિલ્લાની આ પ્રવેશ સાથે સંકળાયેલી ટીમોને જાણ કરી, જરૂરી જાણકારી અને માર્ગદર્શન આપશો. કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (**CET**-2025) ના પ્રવેશ માટેની ઉપરોક્ત યોજનાઓમાં પ્રથમ રાઉન્ડ બાદ ખાલી રહેલી જગ્યાઓ માટેનું મેરિટોરીયસ બાળકો માટે ચોઇસ ફ્રીલિંગની પ્રક્રિયા ઓનલાઇન પોર્ટલ પર શરૂ થયેલ છે. જે બાબતે બાળકો/વાલીઓને શાળાઓને/શિક્ષકોને થાય અને તે અંગેની કાર્યવાહી માટેની જાણ કરશો.

✅ આ ચોઇસ ફ્રીલિંગ પ્રક્રિયા માટે ફક્ત તે નીચે મુજબના વિધાર્થીઓ પાત્ર રહેશે:

1 જેમને પ્રથમ રાઉન્ડમાં કોઇપણ યોજના માટે એલોટમેન્ટ મળેલું નથી.

2 જે બાળકો પ્રથમ રાઉન્ડમાં ફ્રોર્મ ભરી ને, તેનું ફ્રોર્મ એપ્રુવર દ્વારા વેરીફાય થઇ ગયેલ છે

3 જેમને પ્રથમ રાઉન્ડમાં રક્ષા શક્તિ સ્કૂલ કે સૈનિક શાળામાં એલોટમેન્ટ મળ્યું હતું, પરંતુ ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ પાસ ન કરી શક્યા હોય – તેમને પણ બીજીવાર ચોઇસ ફ્રીલિંગ કરવાની તક મળશે.

📌 તમામ પાત્ર વિધાર્થીઓ જેમણે રજિસ્ટ્રેશન વખતે પાસવર્ડ બનાવી ચુક્યા છે અને તે પાસવર્ડ દ્વારા બીજીવાર લોગિન કરીને ચોઇસ ફ્રીલિંગ કરી શકશે તેમજ સમયમર્યાદા પૂર્વે ચોઇસ ફ્રીલિંગ પ્રક્રિયા પૂર્ણ કરે તે વિનંતી.

📌 રાઉન્ડ-ર માટેની ચોઇસ ફીલિંગ દરમિયાન ફક્ત ચાર રેસિડેન્શિયલ યોજનાઓ માટે જ ચોઇસ આપવામાં આવશે.

ખાસ સુચના: પ્રથમ રાઉન્ડ માં આવેલા જે બાળકો એ ચોઇસ ફીલિંગ પ્રક્રિયા પૂર્ણ કરેલ છે અને મેરીટ માં આવેલ નથી તે બાળકો જો, તે વખતે કરેલ ચોઇસ બદલવા માંગતા ન હોય તો તેમને કોઇ કામગીરી કરવાની રહેતી નથી તેમને તે વખતે કરેલ ચોઇસ રાઉન્ડ-2 ના મેરીટ ડીકલેરેશન વખતે ફાઇનલ ગણી તે મુજબ રાઉન્ડ-2 અંતર્ગત મેરીટ ડીકલેર કરવામાં આવશે.

વધુ માહિતી માટે https://gssyguj.in/ પોર્ટલ પર મુલાકાત લેશો.

આભાર.

(શિલ્પા પટેલ)
સચિવ
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ,
સમગ્ર શિક્ષા, ગાંધીનગર.

**નકલ સવિનય રવાના જાણ સારૂઃ**

- માન.અગ્ર સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ વિભાગ)ગુજરાત,
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી,ગાંધીનગર,
- માન. એસ.પી.ડી.શ્રી (સમગ્ર શિક્ષા,ગાંધીનગર),
- માન. એડી..એસ.પી.ડી.શ્રી (સમગ્ર શિક્ષા,ગાંધીનગર),
- EMRS શાખાધિકારી,આદિજાતિ વિકાસ વિભાગ,ગાંધીનગર.